અપીલ અરજી નં.૩૫ તા.૨૯–૪–૧૦/૧૧

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ

સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર  અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ  શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની  તા.૧૯–૩–૧૦ની અરજીથી (૧) રોડ નં.૦ રવિટ્રાન્સપોર્ટની ગલી ઉધના રેલ્વે સ્ટેશન પાસે માર્જીનની જગ્યામાં (૨) શાંન્તીનગર– ગેટ નં.૧ પ્લોટ નં.૧૧,૧૨ દાઉદનગર ઉધના ગામ (૩) રોડ નં.૧૫ હોટલ ઉડીપી શ્રી કીષ્ના પાછળ પેટ્રોલપંપ પાસે, ઉધના. (૪) ૩, સિધ્ધાર્થનગર સચીન હાઉસરોડ રાજગેસ્ટ  હાઉસની સામે વાળા રોડ પર નવસારી બજાર તલાવડી પાસે સુરત. ઉપરોકત બધીજ જગ્યાએ બાંધકામો ચાલુ છે. થયેલ છે, તો તેની આપ ધ્વારા પરવાનગી આપી છે કે તેની કાયદેસરતા શું છે? અને આ પરવાનગી ન આપી  ન હોય તો આ બાંધકામો વિરૂધ્ધ કાર્યવાહી થઈ છે કે નહીં  ન થઈ હોય તો તેના કારણો પરીબળો તથા જવાબદાર અધિકારીઓના નામ તમામ પરવાનગી થયેલ કાર્યવાહીની  માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૯–૪–૧૦ ની **SMC/FAP/** નં.૩૫/૨૦૧૦–૧૧

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની  તા.૧૯–૩–૧૦ની અરજી બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક./ ૧૮૯ તા.૧–૪–૧૦ થી આપેલ માહિતી અધુરી અને બેબુનીયાદ  હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને   તા.૨૯–૪–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ  અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ  આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની   સ્પષ્ટતાસહ  પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૯૮ તા.૧૫–૨–૧૦ થી કાર્યપાલક ઈજનેર   અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન) ને  પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૯–૩–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતીના મુદૃા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી ઉધનાઝોનમાં કરવામાં આવેલ.  જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૧૮૯ તા.૧–૪–૧૦ થી  માહિતી આપવામાં આવેલ.  જે બાબતે   જાહેર માહિતી અધિકારી તરફથી મુદૃા નં.૧ માટે  જુનું કે નવું પરંતુ કાયદેસર છે કે ગેરકાયદેસર તથા માર્જીનની જગ્યા બાબતની માહિતી આપેલ નથી.  મુદૃા નં.ર માટે કોઈ માહિતી મળેલ નથી.  મુૃા નં.૩ માટે બાંધકામ બંધ કરાવેલ છે તો દુર કેમ કર્યુ નથી. મુદૃા નં.૪ માટે કોઈ માહિતી મળેલ નથી તેવું જણાવી તા.૨૯–૪–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે.  ચાર મુદૃાઓમાં ર મુદૃા અધૂરી  અને બેબુનીયાદ જવાબ  જુનું કે નવું નહીં કાયદેસર છે કે ગેરકાયદેસર તથા બાંધકામ અટકાવ્યા પછીની કાયદેસરની માહિતી ન મળવાથી બે મુદૃા નો અધૂરો તેમજ ખોટો તેમજ બે મુદૃાનો જવાબ   ન આપનાર જાહેર માહિતી અધિકારી વિરુધ્ધ શિક્ષાત્મક પગલા ભરવા માહિતી  રજૂઆત કરેલ છે. અરજદારે માંગેલ માહિતીના  મુદૃા નં.૧   (૧) રોડ નં.૦ રવિટ્રાન્સપોર્ટની ગલી ઉધના રેલ્વે સ્ટેશન પાસે માર્જીનની જગ્યામાં. બાંધકામ ચાલુ થયેલ છે  તેની પરવાનગી આપી છે કે તેની કાયદેસરતા શું છે   અને આ પરવાનગી ન આપી હોય તો  બાંધકામ વિરુધ્ધ કાર્યવાહી થઈ  શકે કે નહીં ન થઈ શકી હોય તો તેના કારણો અને પરિબળો  તથા  જવાબદાર અધિકારીઓના નામ . તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી  તરફથી   રોડ નં.૦  રવિન્દ્ર  બાંધકામ જુનું છે અને હાલમાં ત્યાં કોઈ બાંધકામ ચાલતું જણાતું નથી. તેવું જણાવેલ છે. અરજદારે અપીલમાં   બેબુનીયાદ જવાબ જુનું કે નવું નહીં કાયદેસર કે ગેરકાયદેસર બાંધકામ અટકાવવા  તથા માર્જીનની જગ્યા બાબતેની માહિતી આપેલ નથી તેવી રજૂઆત કરેલ છે.  જે બાબતે જાહેર માહિતી અધિકારીએ માર્જીનની જગ્યામાં   બાંધકામ ચાલતું જણાતું નથી તેવું જણાવેલ છે. (૨) શાંન્તીનગર– ગેટ નં.૧ પ્લોટ નં.૧૧,૧૨ દાઉદનગર ઉધના ગામ બાંધકામ ચાલુ થયેલ છે  તેની પરવાનગી આપી છે કે તેની કાયદેસરતા શું છે   અને આ પરવાનગી ન આપી હોય તો  બાંધકામ વિરુધ્ધ કાર્યવાહી થઈ  શકે કે નહીં ન થઈ શકી હોય તો તેના કારણો અને પરિબળો  તથા  જવાબદાર અધિકારીઓના નામ. તેવા પ્રશ્ન બાબતે કોઈ વિગતો પૂરી પાડેલ નથી. (૩) રોડ નં.૧૫ હોટલ ઉડીપી શ્રી કીષ્ના પાછળ પેટ્રોલપંપ પાસે, ઉધના. બાંધકામ ચાલુ થયેલ છે  તેની પરવાનગી આપી છે કે તેની કાયદેસરતા શું છે   અને આ પરવાનગી ન આપી હોય તો  બાંધકામ વિરુધ્ધ કાર્યવાહી થઈ  શકે કે નહીં ન થઈ શકી હોય તો તેના કારણો અને પરિબળો  તથા  જવાબદાર અધિકારીઓના નામ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી  રોડ નં.૧૫ હોટલ  ઉડીપી  શ્રી ક્રિષ્ના પાછળ પેટ્રોલપંપ પાસેનું બાંધકામ ઝોન કચેરીએથી બંધ કરાવવામાં આવેલ છે અને તેમાં  ઝોન કચેરીએથી કોઈ પરવાનગી આપવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. અરજદારે અપીલ અરજીમાં બાંધકામ બંધ કરાવેલ છે તો દુર કેમ કર્યુ નથી. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ  બાંધકામ બંધ કરાવવામાં આવેલ છે તથા  જે કાર્યવાહી લગતી  જણાવેલ છે. તેમજ કાયદેસર તથા ગેરકાયદેસરતા  બાબતે  પરવાનગી આપવામાં આવેલ નથી તેવું જણાવેલ છે.   આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને (જે) મુજબ માહિતી અને માહિતી અધિકારી વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.  (૪) ૩, સિધ્ધાર્થનગર સચીન હાઉસરોડ રાજગેસ્ટ  હાઉસની સામે વાળા રોડ પર નવસારી બજાર તલાવડી પાસે સુરત. બાંધકામ ચાલુ થયેલ છે  તેની પરવાનગી આપી છે કે તેની કાયદેસરતા શું છે   અને આ પરવાનગી ન આપી હોય તો  બાંધકામ વિરુધ્ધ

કાર્યવાહી થઈ  શકે કે નહીં ન થઈ શકી હોય તો તેના કારણો અને પરિબળો  તથા  જવાબદાર અધિકારીઓના નામ. તેવા પ્રશ્ન બાબતે કોઈ માહિતી પૂરી પાડવામાં આવેલ નથી.

વધુમાં અરજદારે અપીલમાં  બે મુદ્દાઓનો અધૂરો ખોટો તેમજ  બે મુદ્દાનો જવાબ માહિતી ન આપનાર જાહેર માહિતી અધિકારી વિરુધ્ધ શિક્ષાત્મક પગલા ભરવા જણાવેલ છે.  જે બાબતે અરજદારે અપીલમાં રજૂ કરેલ દંડાત્મક જોગવાઈ અંગે કાર્યવાહી કરવાની સત્તા  આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગને છે.    તેમજ   અત્રેના હુકમ હોવા છતાં  હુકમ પછી પણ  આસી. જાહેર માહિતી અધિકારી ધ્વારા એક પણ અમલ કરવામાં આવતો નથી તેવી રજૂઆત કરેલ છે. જે બાબતે અરજદારે  હુકમની અમલવારી  અંગે  આધાર અને વાજબીપણુ  સહિત  કઈ બાબતે અમલવારી કરવામાં નથી આવી તે અંગે પક્ષકાર જાહેર માહિતી અધિકારી સામે અપીલ અધિકારીને રજૂઆત કરી શકે છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ   કરવામાં આવે છે.

અરજદારની તા.૧૯–૩–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી ઉપરોકત મુજબની મુદ્દા નં.૨ અને ૪ ની  જાહેર માહિતી અધિકારી તરફથી  નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ  વિના મૂલ્યે  અ ત્રે ની જાણ  હેઠળ દિન–૭ માં  પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર  અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ શિક્ષાતમક જોગવાઈ અંગે કાર્યવાહી કરવાની સત્તા  આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગને છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ :       –૫–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ,